





આપણા જ પૈસે યાત્રાઓ ના તમાસા થાય છે,
પ્રચારમાં પૈસા તો મારા ને તમારા જ જાય છે
હોમાય છે નિર્દોષ બલિ ક્યારેક બકરા બની -
સ્વમાની પ્રજા વિના કારણ તમાચા ખાય છે!




ગાંડી જાય ના -
ડાહી ને દે સલાહ,
'કેગ નું માનો'!

ઘોડાપુરમાં
અછત ખાયકીનાં
તણાયાં સ્વપ્ન..

## ચિંતન

**સુભિક્ષં વૃષકે નિત્યં નિત્યં સુખમરો ગિણિ ।**
**ભાર્યા ભર્તૃઃ પ્રિયા યસ્ત તસ્ત નિત્યોત્સવં ગૃહમ્ ॥**

ખેતી કરનાર-પરિશ્રમ-મહેનત-પુરૂષાર્થ કરનારને નિત્ય સુકાળ જ હોય છે, જેની તંદુરસ્તી સારી છે, અર્થાત જે નિરોગી છે, તેને નિત્ય સુખ જ સુખ છે, અને જેના ઘરમાં સુપાત્ર, સદ્‌ગુણી, આજ્ઞાંકિત પત્ની હોય અને પતિને પ્રેમ કરતી હોય તેના ઘરમાં નિત્ય ઉત્સવ જ ઉજવાતા હોય એવું આનંદમય વાતાવરણ રહે છે.'

જે માણસ પરિશ્રમ અને પુરૂષાર્થમાં વિશ્વાસ રાખી સતત પ્રવૃત્ત જ રહે છે, તેને કદાપિ કોઇ કઠિન પરિસ્થિતિ વિચલિત કરી શકતી નથી. દુષ્કાળ-અછત કે અભાવનો કોઇ જ ભય તેને સતાવતો નથી. મહેનતકશ માણસ સદાય મોજમાં રહે છે.

ધન-સમૃધ્ધિ અને અનેક સુવિધાઓ હોય છતાં જો શરીરનો સાથ ન હોય તો તે ભોગવી શકાય નહીં, અનેક પકવાનનો થાળ સામે હોવા છતાં સમૃધ્ધ, ધનિક, રોગને કારણે તેની સામે પણ જોઇ શકતો નથી. તંદુરસ્ત મજૂર રોટલાનું બટકું અને ડુંગળીમાં પણ સ્વર્ગીય આનંદ માણે છે.

તમામ સુવિધા હોય પણ પત્ની કર્કસા, ઝગડાળુ, વાતવાતમાં વિવાદ કરનારી, જક્કી સ્વભાવની હોય તો દિવાળીમાં પણ હોળી પ્રકટાવે, અને સૌમ્ય સ્વભાવની વિનમ્ર આજ્ઞાકારી હોય તો દુ:ખના દરિયામાં પણ આનંદનો ઉત્સવ ઉજવી બતાવે.

## સુવિચાર

- લડાઇ, કોઇ ક્યારેય જીતતું નથી, આ સત્યને બરાબર સમજી લ્યો! - **એંજલ**
- આત્મા અને પરમાત્મા વચ્ચે વાસનાનું અંતરપટ છે એ ટળે તો જીવ અને શિવ એક થાય આત્મા પરમાત્મા બને - **ચિત્રભાનુ**
- પરિશ્રમ છે તો જિંદગી છે, જિંદગી છે તો ખૂશી છે - **ટોલ્સટોય**
- નજીકના સહવાસથી પરાયાં પણ પોતાનાં લાગે છે, જયારે દૂર અંતરે પોતાનાં પણ પરાયાં લાગે છે - **રૂમાંગો**
- આત્મવિશ્વાસ, આત્મસંયમ અને આત્મજ્ઞાન આ ત્રણ બાબતો જ જીવનને પરમ શક્તિથી સંપન્ન બનાવે છે - **ટેનિસન**
- આત્માનું ઉંડાણ અગાધ છે, તેનો તાગ પામી શકાય નહીં - **હેરા ક્લીટસ્**
- આશાની છીપમાં જ સિધ્ધિના મોતી નીપજે - **ટાગોર**

## બોધ કથા

સ્વામી વિવેકાનંદ શરૂઆતમાં દેશાટન માટે હિંદુસ્તાનમાં પ્રવાસ કરતા હતા ત્યારે પરિવ્રાજક સંન્યાસી સ્વરૂપે ભગવાં ધારી સાધુ હતા. વૃંદાવન નજીક ચાલતા જતા હતા. ત્યારે એક માણસ હાથની ભૂંગળ બનાવી ચલમ પીતો હતો. તમાકુની ઉગ્ર વાસથી સ્વામીજીનું ધ્યાન દોરાયું, સ્વામી તેની નજીક ગયા.

પેલાના ચહેરા પર ચલમના 'કસ'નો આનંદ જોઇ સ્વામીજીએ કહ્યું, ભાઇ મને પણ ચલમના બે-ત્રણ કસ લેવાની ઇચ્છા થઇ છે, તેનો સ્વાદ અને આનંદ જાણવાની ઇચ્છા છે - આપીશ?

જવાબમાં પેલાએ કહ્યું, 'માઇબાપ! હું આપું તો ખરાં, પણ હું ભંગી છું.'

સ્વામીજીને આંચકો લાગ્યો અને ત્યાંથી ખસી જઇ એક-બે પગલાં આગળ વધ્યાં, પછી તરત એમને વિચાર કર્યો. અરે, હું આ શું કરું છું? હું તો હવે સંન્યાસી છું મારે વળી ઊંચ-નીચ, જાત-ભાતના ભેદ કેવા? હું 'ભંગી' શબ્દ સાંભળી ભડકી કેમ ગયો? ખરેખર મને ધિક્કાર છે.'

સ્વામીજી પાછા વળ્યા અને ભંગીના હાથમાથી ચલમ લઇ, આગ્રહપૂર્વક ખેંચી તેની સામે જ બેસીને બે કસ પણ લીધા. ચલમના કસ કરતાં પણ વધારે આનંદ એમને થયેલા આત્મસંતોષનો હતો.

# સુખી થવું હોય તો મનને અપસેટ કરનાર અપેક્ષાઓને દૂર કરવા આત્મામાં પડેલા રાગ વગેરે દોષોનો નાશ કરવો અનિવાર્ય છે

## હું રસ્તે રઝળતી વારતા

**- અચના પટેલ**

આ સમગ્ર સંસારમાં જન્મવું, જીવન જીવવું એ મૃત્યુ પામવું એ તમામ ચેતનવંતા પ્રાણીઓ માટેની એકસરખી નિયતિ છે. વિજ્ઞાનની શોધો ગમે તેટલી થાય, મૃત્યુને અટકાવવાની તાકાત ક્યારે'ય કોઇને'ય નથી મળવાની એ વાત નિશ્ચિત છે, મૃત્યુ પછીના જન્મ અંગે મતભેદ ભલે હોય, મૃત્યુના વિષયમાં કોઇનું કંઇ ચાલતું નથી. માટે જ જીવન કેવી રીતે જીવવું તે માટે સૌ બુધ્ધિશાળી વ્યક્તિઓએ વિચારવું જ જોઇએ.

દુનિયાના કોઇ પણ દેશમાં જન્મેલાં, ગમે તે રંગ ધરાવતાં માણસો હોય કે જગતમાં અસ્તિત્વ ધરાવતી પ્રાણી કે વનસ્પતિ સૃષ્ટિની કોઇ પણ જાત હોય હરકોઇ ચેતનવંતા જીવની ચોવીસ કલાકની તમામ પ્રવૃત્તિઓનું લક્ષ્ય એક શબ્દમાં વર્ણવવું હોય તો કહી શકાય કે એ લક્ષ્ય છે : 'સુખ'.

'સુખ' કોને ક્યાં લાગે, 'સુખ' કેવી રીતે મળે? એ બધા વિષયમાં સૌ પોતપોતાની રીતે વિચારતા હોય એ બની શકે, પણ સુખના લક્ષ્ય બાબતે તો કોઇ મતભેદ નથી જ. એ સાચું કે દુનિયાનો મોટો ભાગ એમ માને છે કે જેમ જેમ પોતાને ભૌતિક ચીજો વધારે મળે તેમ તેમ સુખ વધારે. આની સામે દુનિયામાં થોડાક લોકો એવા પણ છે જે માત્રનો વિચાર કરવાને બદલે બીજાને પણ ભૌતિક ચીજો મળવી જોઇએ એમ માને છે.

આની સામે, સાવ જ થોડાક લોકો એવા પણ હોય છે, જે લોકો શ્રીમંત પરિવારમાં જન્મ્યા હોય છે, બુધ્ધિની બાબતમાં ભલભલાને પાછા પાડી દે એવા હોય છે, દુનિયાનું શિક્ષણ પણ ઊંચું મેળવેલું હોય છે ને આમ છતાં તેઓ આ બધું છોડીને ભરયૌવન વયે પણ સંન્યાસ - દીક્ષા લઇ લે છે. આપણને કદાચ એમ થાય કે તેઓ આવું શા માટે કરતાં હશે? આટલું શિક્ષણ વધ્યું તો યે આવી અંધશ્રધ્ધાઓ કેમ કામ કરતી હશે? જે પરલોક દેખાતો જ નથી તેને સુધારવાની ઘેલછામાં મૃગજળ પાછળ દોડતા હરણા જેવી આ દોટ છે? મળેલું છોડે છે ને નહીં મળેલાં, સાવ જ અનિશ્ચિત પરલોકમાં સુખની ઇચ્છા રાખે છે. પરલોક અને પાપનો ડર બતાવી બતાવીને આ સાધુઓ જગતને પુરૂષાર્થહીન બનવી રહ્યા છે. આવું પણ આપણાં મનમાં આવી જાય.

આ સંયોગોમાં એક બુધ્ધિશાળી અને વિચારક વ્યક્તિ તરીકે આપણી ફરજ એ બને છે કે જે લોકો આવું કરે છે તેમને મળીને એમનો દૃષ્ટિકોણ આપણે સમજવો જોઇએ. આપણી વાતો એમને સમજાવવી જોઇએ અને સત્ય સુધી પહોંચવું જોઇએ.

મુંબઇની એચ.આર. કોલેજમાં ભણીને બી.કોમ થનારા માત્ર એકવીસ વર્ષની ઉંમરે સી.એ. બનીને પ્રેકટીશ ચાલુ કરી દેનારા, ત્રેવીસ વર્ષની ઉંમરે જેમણે દીક્ષા સ્વીકારી લીધી છે. તેવા ગુરુ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયયોગ તિલકસૂરિજીએ વિદ્યાર્થીઓ સાથે નિખાલસ પણે દીક્ષા જીવનની જે મહત્તા છે તેની ચર્ચા કરેલી છે. એક વિદ્યાર્થીએ આચાર્યશ્રીને પ્રશ્ન પૂછ્યો કે પૈસાથી જે સુખ મળે છે અને એનાથી જે સામગ્રી લઇ આવીએ છીએ તે સ્ટેટસમાં સુખ છે? આચાર્યશ્રી જવાબ આપે છે કે આપણી પાસે ભરપૂર માત્રામાં સામગ્રી એટલે સુખ ભરપૂર એવું ન માનવું. એક વસ્તુ સમજો કે ભૌતિક કોઇ પણ ચીજ સ્વતંત્રપણે સુખ આપવા માટે સમર્થ નથી. તમારી પાસે જયાં સુધી દુ:ખ સ્ટોકમાં હોય ત્યાં સુધી સુખ અનુભવાય પછી જેમ ભોગવતા જાઓ તેમ તે સુખ પણ ક્રમશઃ ઘટતું જાય અને સુખ ન અનુભવાય.

જેમ કે ભૂખ લાગી છે, પહેલું ગુલાબજાંબુ ખાધું ત્યારે જેટલું સુખ અનુભવાય પછી બીજું ખાઓ ત્યારે તેટલું જ સુખ અનુભવો કે સુખમાં ઘટાડો આવે અને એમ કરતાં એક વખત એવો પણ આવે કે સુખની જગ્યાએ દુ:ખ અનુભવાય, કારણ કે ભૂખનું દુ:ખ ઘટતું જાય તેમ સુખ ઘટતું જાય, નવી ગાડી આવી, પહેલીવાર બેઠો ત્યારે જેટલો આનંદ હોય, તે બીજા દિવસે હોય? ઘટતો જ જાય. પહેલી વાર ગાડી મળે ત્યારે વ્યક્તિ કદાચ મુંબઇથી અમદાવાદ પણ ગાડીમાં જાય પરંતુ પછી ટ્રેનમાં જાય, કારણ કે ગાડીમાં કંટાળી જાય એટલે કે દુનિયાની કોઇ ચીજ એવી નથી કે સતત સુખ આપે - પરિણામે સુખ જાય એટલે ફરી નવા સુખ માટે શોધ કરવી પડે. વાસ્તવિક સુખ તો એને જ કહેવાય કે જે દરેક વ્યક્તિને દરેક સમયે સુખ આપે. દા.ત. પાણીમાં ઠંડક આપવાનો સ્વભાવ છે, તો દરેક વ્યક્તિને દરેક સમયે પાણી ઠંડક આપે જ. એ રીતે દુનિયાની કોઇ ચીજ એવી છે જે દરેક વ્યક્તિને દરેક ટાઇમે સુખ આપે? માટે વસ્તુમાં સુખ નથી.

દરેક માનવીનાં મનમાં અપેક્ષા નામનું ભૂત પ્રત્યેક જીવને હેરાન કરે છે, તે પેદા ક્યાંથી થાય છે? તે તપાસવું જોઇએ. પ્રભુએ બધું જાણીને પછી ફરમાવ્યું છે કે તમારા આત્મામાં રાગ-દ્વૈષ-કામ, અહંકાર, ઇર્ષા, લોભ વગેરે દોષો પડ્યા છે. તેના કારણે નવી-નવી અપેક્ષાઓના કારણે અપસેટ થાય દુ:ખી થાય અને અપેક્ષાની પૂર્તિ માટે મહેનત મજૂરી દોડાદોડ કરે, એમાં માંડ એક અપેક્ષા પૂરી કરે ત્યાં બીજી ઉભી જ થાય.

દા.ત. તમને પૈસાનો લોભ છે માટે પૈસા કમાવાની ઇચ્છા અપેક્ષા જાગે. પણ પૈસા ન મળે તો જીવ તરફડે અને મળી જાય તો દેખીતી રીતે ખુશી થાય, પણ વાસ્તવમાં જે દુ:ખનું કારણ છે એવો લાભ વધે, મજબૂત બને. પરિણામે પૈસા કમાવાની ઇચ્છા-અપેક્ષા વધુ પ્રબળ બને, માટે ચિત્ત વધુ વ્યગ્ર બને અને વ્યક્તિ વધુ ટેન્શનગ્રસ્ત બને. એનો મતલબ કે અપેક્ષાની પૂર્તિ કરવાની ટેમ્પરરી રાહત લાગે પણ પરિણામે અપેક્ષા વધે, તીવ્ર બને અને તેના કારણે મન વધુ અપસેટ થવાથી વધુ દુ:ખ થાય.

દા.ત. તમને એક ડિગ્રી તાવ છે તે પીડા આપે છે. તમે ડોકટર પાસે ગયા. તેણે કહ્યું મારી ટેબ્લેટ તમારો તાવ ઉતારી દેશે પણ ચાર કલાક પછી તાવ બે ડિગ્રી થશે. આપણે તરત કહીશું, 'પછી શું, ' ડોકટર કહે ચિંતા ન કરો, મારી પાસે એવી ટેબ્લેટ પણ છે જે બે ડિગ્રી તાવ ઉતારી દેશે પણ ચાર કલાક પછી ત્રણ ડિગ્રી થશે. આ રીતે ક્રમશઃ તાવ વધશે અને તે ઉતારવાની ગોળી મારી પાસે છે, પછી એક સમય એવો આવશે જયારે મારી પાસે દવા નહીં રહે અને તમારે મરવું પડશે, બોલો! આપણે આવી દવા લેવા તૈયાર થઈએ? ન જ થઇએ ને? બસ એ રીતે જ અપેક્ષાપૂર્તિ કરતા જઇએ અને અપેક્ષા વધતી જાય.અંતે એવો અવસર આવે કે જયારે અપેક્ષાની પૂર્તિ ન થાય. ત્યારે તરફડવું જ પડે. આ રીતે જ આખી જિંદગી પૂરી કરવી, આમાં કંઇ બુધ્ધિમત્તા છે? કે સુખ છે? માટે જ સુખી થવું હોય તો મનને અપસેટ કરનાર અપેક્ષાઓને દૂર કરવા આત્મામાં પડેલા રાગ વગેરે દોષોનો નાશ કરવો અનિવાર્ય છે.

દોષોમાં સૌથી મુખ્ય રાગ છે.રાગના કારણે બીજા પદાર્શો સાથે જોડાણ થાય એ એ જોડાણ જેટલું વધું થાય તેટલો રાગ વધે, પરિણામે અપેક્ષા વધે, મન અપસેટ થાય અને વ્યક્તિ દુ:ખી થાય. જગતમાં પ્રત્યેક વ્યક્તિ બે રીતે દુ:ખી થતાં હોય છે. 'બીજા પાસે વસ્તુ છે મારી પાસે નથી. એ મારે જોઇએ છે એવું ચિત્તથી જોડાણ થાય, એટલે જીવ દુ:ખી થાય. જગતના વ્યક્તિઓને નેવું ટકા દુ:ખ આના કારણે થાય છે. બીજાની ગાડી જોઇને ગમી, મનથી જોડાણ થયું. દુ:ખ શરૂ! ગાડી પહેલા પણ નહોતી, હમણાં પણ નથી. પહેલાં દુ:ખ નહોતું અને હવે દુ:ખ થયું. કારણ શું?' 'ગાડી ન હોવી' એ બંને અવસ્થામાં એક સરખું છે. માત્ર ફરક એટલો છે કે પૂર્વે મનથી, જોડાણ નહોતું, હવે રાગના કારણે મનથી જોડાણ થયું. એટલે દુ:ખ શરૂ થયું. આ રીતે બધા જ વિષયમાં વિચારી શકાય. આ દુ:ખને દૂર કરવાનો ઉપાય માત્ર એટલો જ છે કે બીજાનું જોવાનું બંધ કરો. કદાચ દેખાઇ જાય તો રાગથી, મન દ્વારા એની સાથે ન જોડાઓ તો જીવનનું નેવું ટકા દુ:ખ બંધ થઇ જાય.

**સંકલન : જૈન શાસનની દીક્ષાના આધારે**

# આ સંગ્રહની બધી જ વાર્તાઓમાં સ્ત્રી કેન્દ્ર સ્થાને છે, તેમાં ખાસ સ્ત્રીના જીવનની સમસ્યાઓને સમસ્યા ન ગણીને નવી દૃષ્ટિથી જોવાનો લેખિકાએ પ્રયત્ન કર્યો છે

## શબ્દ સમીપે

**- નટવર હેડાઉ**

સાહિત્ય સર્જનમાં અખબારો અને સામાયિકો લેખકને સતત કંઈક લખવા માટે પ્રેરીત કરતાં રહે છે અને લખવા માટેનું એક નિમિત પૂરું પાડે છે જેના કારણે લેખન કાર્યમાં સાતત્ય આવે છે. ભલે કોઈ એમ કહે કે અખબારી લેખનને કારણે સત્વશીલ સાહિત્યનું સર્જન થઈ શકતું નથી. પરંતુ કેટલીક આ પ્રકારની કૃતિઓને જોયા પછી ધોધમાર લખાતા આવા સાહિત્યમાં પણ ખૂબ સારો ફાલ મેળવી શકાય છે તે વાતની પ્રતીતિ આપણને તાજેતરમાં પ્રગટ થયેલા વાર્તા સંગ્રહ 'વૅન્ટિલેટર' ને વાંચતા થઈ જાય છે.

આજકાલ નારીલક્ષી લેખન કાર્ય ખૂબ બહોળા પ્રમાણમાં થઈ રહ્યું છે. પરંતુ જ્યારે એક સ્ત્રી લેખિકા પોતાના મનોભાવ, લાગણીઓ અને સંવેદનાઓને જોઈ, સમજી, અનુભવી તેનું આલેખન કરે છે. ત્યારે સાચા અર્થમાં નારીલક્ષી સાહિત્ય કૃતિનું સર્જન થાય છે. આ વાતની પ્રતીતિ કરાવતાં લેખિકા ડૉ. રેણુકા પટેલ પોતાની પ્રસ્તાવનામાં કહે છે તે, હું જાણું છું, સ્ત્રીને... બરાબર ઓળખું છું. કારણ કે હું એવી હજારો લાખઓ સ્ત્રીઓથી ઘરાયેલી છું કે જે આર્થિક, સામાજિક, શારીરિક, કૌટુંબિક એવા કેટલાય પડકારો ઉપાડીને અથવા તો પડકારોને પછાડીને અડીખમ ઉભી છે. મારા ઘેર રોજ સવારે આવતી શાકવાળીથી લઈને કોર્પોરેટ જગતમાં ઉંચા સ્થાને બિરાજેલી કોઈ એક સ્ત્રીની સમસ્યાઓ ક્યાંક ને ક્યાંક એકબીજાને સ્પર્શે છે. બંને સ્ત્રીઓ તેમની બૌધ્ધિક કે આર્થિક અસમાનતાને બાદ કરતાં લગભગ એક જ વૅવલેન્થ પર જીવે છે. જે જગાએ એક કામવાળી ભૂલ કરે છે. લગભગ તે જ ગણતરીમાં એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સ્ત્રી પણ ખોટી પડે છે. અને ખોટા પડવું એ સ્ત્રીનો સ્વભાવ બની ગયો છે. કારણ કે ન તો સ્ત્રી પ્રેમ કરવાનું છોડી શકે છે અને ન તો સાચી સાબિત થઈ શકે છે. સ્ત્રીને સાચા સાબિત થવું પણ નથી. આવી જ પ્રેમભરી ભૂલો કરવી છે, કરતા રહેવી છે અને ભૂલોને પાછળ છોડી આગળ વધી જવું છે.

'વૅન્ટીલેટર' વાર્તા સંગ્રહની વાર્તાઓ લેખિકા ઉપરોક્ત નિવેદનને સમર્થનમાં સાચી પડતી લાગે છે. આ સંગ્રહની બધી જ વાર્તાઓમાં સ્ત્રી કેન્દ્ર સ્થાને છે. તેમાં ખાસ સ્ત્રીના જીવનની સમસ્યાઓને સમસ્યા ન ગણીને નવી દૃષ્ટિથી જોવાનો લેખિકાએ પ્રયત્ન કર્યો છે. 'ખૂધ' વાર્તા બળાત્કારને અલગ સંક્ષેપમાં રજૂ કરે છે. તો 'પારિપૂર્ણ'માં લીવ ઈન રિલેશનશીપના પ્રશ્નોને વાચા આપી છે. મુક્તિમાં માતાના પિતા સિવાયના બીજા પુરૂષ સાથેના સંબંધની વાત છે તો 'સ્વજન' નામે...માં સાસુ-વહુના સંબંધોને જુદી પરીભાષામાં રજૂ કર્યા છે. 'સીમંત' એ બાળક ન હોવાની




વેદનાને વહી જવા રસ્તો કંડાળી આપે છે. જ્યારે 'શ્રાવણી' અને 'સુર્વણ દીપ' આજની યુવતીના માનસે છતું કરે છે.

'વૅન્ટીલેટર' વાર્તા સંગ્રહમાં ૧૭ વાર્તાઓને સમાવવામાં આવી છે જે બધી જ નવનીત સમર્પણ, અખંડ આનંદ, ઉદ્દેશ, આરપાર, ઉત્સવ, કુમાર, જનકલ્યાણ જેવાં ખૂબ જ પ્રતિષ્ઠિત સામાયિકોમાં છપાયેલી છે. એ રીતે તે નામ આપવામાં આવ્યું છે. જેના શિર્ષક પરથી વાર્તા સંગ્રહને નામ આપવામાં આવ્યું છે તે 'વૅન્ટીલેટર' વાર્તા કેતન મુનશી પારિતોષિક સ્પર્ધામાં પસંદગી પામી ચૂકી છે તો સંગ્રહમાં દશમા ક્રમે છપાયેલી વાર્તા મુક્તિ ભાવનગર લેખક મંડળની સ્પર્ધામાં પસંદગી પામી ચૂકી છે.

'વૅન્ટીલેટર' વાર્તા સંગ્રહના લેખિતા ડૉ. રેણુકા પટેલનું આ બીજું પુસ્તક છે. સાહિત્યક્ષેત્રે પદાર્પણ કરતાં જ તેમના પ્રથમ પુસ્તકને ખૂબ સારી સફળતા મળી હતી. ગુજરાતી સાહિત્ય પરિષદનો પુરસ્કાર અને કલાગુર્જરી 'મુંબઈ'નો પુરસ્કાર લેખિકાને મળી ચૂક્યો છે. તેમની વાર્તાના રિવ્યુ 'પરબ' અને 'શબ્દ સૃષ્ટિ' જેવા સામાયિકોમાં છપાયા છે. જેણે લેખિકાના આત્મવિશ્વાસને સીંચ્યો છે અને વિનોદ ભટ્ટ જેવા લેખકે 'વાંચવા જેવું'માં સમાવેશ કરી ચિત્રલેખાના વાંચતો સમક્ષ લેખિકાની વાર્તાનો પરિચય કરાવ્યો છે જેથી એક બહોળા વાંચક સમુદાય સુધી તેમનું નામ અને કામ પહોંચી શક્યું છે.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ 'વેન્ટીલેટર' વાર્તા સંગ્રહ જીવનની ગતિ સાથે તાલ મિલાવવા પાછળ ઢસડાતી સંવેદનાઓની વણઝારની સ્પંદન કથાઓ છે. જે વાંચવી ગમે તેવી છે. એકવાર વાંચી તો જુઓ.

**વેન્ટીલેટર : (નવલિકા સંગ્રહ)**
**લેખિકા : ડો. રેણુકા પટેલ**
**પ્રકાશન : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૧**
**પૃષ્ઠ-૧૯૨, કિંમત - રૂા. ૧૨૦**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૨**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૧૦મી સપ્ટેમ્બર

- ભારત રત્નથી સન્માનિત પૂર્વ ગૃહપ્રધાન - ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યપ્રધાન - ગોવિંદ વલ્લભ પંતનો જન્મદિન ૧૦-૯-૧૮૮૭.

  કૉંગ્રેસના પીઢ નેતા, અલ્હાબાદના પ્રખર વકીલ હતા.

- ગણિતજ્ઞ - આંકડાશાસ્ત્રી ડો. ચંદ્રશેખરનો જન્મદિન. રોયલ સોસાયટી લંડનનાં ફેલો, શાંતિ સ્વરૂપ ભટ્ટનાગર પુરસ્કાર મેળવનારા, પદ્મવિભૂષણ ડો. ચંદ્રશેખર ભારતીય ગણિતશાસ્ત્રીનું અમૂલ્ય રત્ન છે.
- ૧૬૪૧ની ૧૦મી સપ્ટે - અંજુમન બાનુ - મુમતાઝ મહલની યાદમાં જગ વિખ્યાત તાજમહેલ બાંધવાનું કામ શરૂ થયું.
- ગુલાબ હુસેન મુસ્તુફા - નામાંકિત ઉર્દુ - ગુજરાતી સાહિત્યકાર - સુરત - નાના વરાછાના વતની - કરાંચી ખાતે ૧૯૬૯માં અવસાન.

# સોહામણી, રૂપાળી અને માયાળુ સ્વભાવની આ નર્સને મળી શિલ્પાબેન અને તેમના પતિ પ્રસન્ન થઈ ગયા, સારા ઘરની લાગતી નર્સનું નામ મોનિકા હતું

## નર્સ...એક પ્રેતકથા

**(ભાગ-૧)**

**અતૃપ્ત આત્મા તૃપ્તિ માટે તડપતો હતો અને અચાનક...**

**- હર્ષદરાય ઉપાધ્યાય**

ટ્રીન... ટ્રીન... ટ્રીન...ટ્રીન.

ફોનની ઘંટડી રણકી, મુંબઈ શહેરની ખ્યાતનામ હોસ્પિટલ ફાસ્ટકેર હોસ્પિટલ સમગ્ર શહેરમાં સૌની જાણીતી હતી. સેન્ટ્રલ એસી ધરાવતી અને આધુનિક સગવડો ધરાવતી આ હોસ્પિટલ અમીરો માટે જ કદાચ બનાવાઈ હશે. કેમ કે, પ્રાઈવેટ આ હોસ્પિટલનું બીલ સામાન્ય માણસ માટે ગજા બહારનું હતું. શહેરના જાણીતા ઉદ્યોગપતિઓ, રાજકારણીઓ કે ફિલ્મ હસ્તીઓ અથવા અમીરો જ અહીં આવતા.

એક બપોરે ફોનની ઘંટડી રણકી, રીસેપ્શનીસ્ટે ફોન રિસીવ કર્યો. સામે છેડે જાણીતા બિલ્ડરની પત્નિ શિલ્પાબેનને લેબર પેઈન ઉપડ્યું હતું. અને તેઓની વેન હોસ્પિટલમાં આવી રહી હતી.

હંમેશા આકસ્મિક ઘટના માટે તૈયાર સૌ કામે લાગી ગયા અને વેન આવી સાથે ગાડીઓનો કાફલો હતો. પાંચમે માળ સ્પેશિયલ સૂટમાં તેમને શીફ્ટ કર્યા અને ટ્રીટમેન્ટ શરૂ થઈ. ડો. કરમાકર અને તેમની ટીમે મોડી રાત્રે તેમના પરિવાજનોને ખુશખબર આપ્યા. "દીકરો જન્મ્યો છે." બહાર ઘડીક વારમાં સર્વત્ર સામાચાર પ્રસરી ગયા. સૌ કોઈ આનંદિત થઈ ગયા. મીઠાઈ વહેંચવામાં આવી. મિડિયાએ પણ આ કુટુંબના ગુડ ન્યૂઝની નોંધ લીધી.

શિલ્પાબેન અને તેમના પુત્રને મળવા જાણે કે લાઈન લાગી હતી. મેળાવળો જામ્યો હતો. અને ન કેમ હોય? કારણ કે ઘણા વર્ષે પારણું બંધાયું હતું.

સાત દિવસે તેમને રજા આપવામાં આવી. શિલ્પાબેનના પતિ આગ્રહથી ડોકટરે એક નર્સ ઘેર સાથે મોકલવાનું કબૂલ્યું હતું. બીજા દિવસથી નર્સ સેવામાં લાગવાની હતી.

બંગલાને રોશનીથી શણગારવામાં આવ્યો હતો. અને સ્વાગતની સંપૂર્ણ તૈયારીઓ થઈ ગઈ હતી. સૌ ખૂશ હતા. સર્વત્ર આનંદનો માહોલ હતો.

બીજા દિવસે સવારના સમયે સાત વાગે સફેદ વસ્ત્રોમાં એક નર્સનો ઘરમાં પ્રવેશ થયો. સોહામણી, રૂપાળી અને માયાળુ સ્વભાવની આ નર્સને મળી શિલ્પાબેન અને તેમના પતિ પ્રસન્ન થઈ ગયા. સારા ઘરની લાગતી નર્સનું નામ મોનિકા હતું. બાળકને તે એટલા પ્રેમથી સંભાળવા લાગી કે જાણે સગી મા ન હોય! સતત બાળકની પાછળ ધ્યાન રાખતી અને હસતી આ મોનિકા તેની માંજરી આંખોથી બાળકની સામે જોતી ત્યારે બાળક હસી ઉઠતું. સાથે સૌ હસી પડતા. ત્યાં ડોકટર કરમાકરનો ફોન આવ્યો અને બોલ્યા, "શિલ્પાબેન સોરી...' ત્યાં તો વચ્ચે જ વાત કાપતાં શિલ્પાબેને કહ્યું, અરે ડોકટર, એમાં સોરી શેની? તમે મોકલેલ નર્સને આવતાં કદાચ મોડું થયું હશે પણ તમે ખાસ અમારા ઘરને ધ્યાનમાં રાખી જે નર્સ મોકલી છે તે બદલ થેકન્સ એ લોટ." સામે ડોકટર સહેજ વિચારમાં પડેલા લાગ્યા અને બોલ્યા, "પણ શિલ્પાબેન આ નર્સ ક્યારે તમારે ઘેર આવી? વિચારમાં પણ પડ્યા. પણ પછી થયું કદાચ કોઈકને મેં સૂચવ્યું હોય યા હોસ્પિટલના કોઈકે નર્સની વ્યવસ્થા... હશે તેમ વિચારી મન વાળ્યું. સામે છેડે શિલ્પાબેન માંડીને વાત કરી અને નર્સના સ્વભાવની વાત કરી, વાત ત્યાંજ પૂરી થઈ.

દિવસો જવા લાગ્યા. સવારે સાતના ટકોરે મોનિકા આવે અને રાત્રે નવ વાગે બાબાને સુવરાવી પછી જાય.

આવી સુવ્યવસ્થિત નર્સને લીધે શિલ્પાબેન નિશ્ચિંત બન્યા હતાં. દીકરો પણ નર્સ જોડે હળીભળી ગયો હતો.

મોનિકા ક્યારેક દીકરા તરફ માંજરી આંખે અપલક જોઈ રહેતી. સહેજ આંખોમાં અસ્પષ્ટ ભાવ લાવતી યા સહેજ ભીની આંખે તેને રમાડતી ત્યારે બાળક પણ ભાવ શૂન્ય બની જતું. જો કે શિલ્પાબેન કે ઘરના કોઈને આ વાતનો સહેજ પણ અણસાર આવ્યો ન હોતો.

આમને આમ બે માસનો સમય પસાર થઈ ગયો. પૈસાની વાત આવતી ત્યારે મોનિકા વાતને હસીને ટાળતી અને "જરૂર પડે માંગી લઈશ" નો જવાબ આપતી. બે દિવસ પછી મોનિકાને હવે છુટ્ટી મળવાની હતી.

(અનુસંધાન પાના નં. ૬ પર)